Westlife Development losses narrow to Rs, 4.15 crore

# વેસ્ટલાઇફ ડેવલપમેન્ટની ચોખ્ખી ખોટ સંકોચાઇ રૂા.૪.૧૫ કરોડની સપાટીએ

**પીટીઆઇ**

મુંબઇ, તા.૧૧

રેસ્ટોરન્ટ ચેઇન ઓપરેટર વેસ્ટલાઇફ ડેવલપમેન્ટે આજે જણાવ્યું હતું કે તેની સંકલિત ચોખ્ખી ખોટ તા.૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ પૂરા થયેલા ચોથા કવાર્ટર માટે સંકોચાઇને રૂા.૪.૧૫ કરોડ થઇ છે. કંપની, જે તેની પેટાકંપની હાર્ડકેસ્ટલ રેસ્ટોરન્ટ મારફતે પશ્ચિમ અને દક્ષિણ બજારોમાં મેકડોનાલ્ડના રેસ્ટોરન્ટ્સ ચલાવે છે, તેણે વર્ષ પૂર્વેના જાન્યુઆરી–માર્ચમાં રૂા. ૬.૫૩ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી હતી, એમ કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કામગીરીની કુલ આવક ગયા વર્ષના સમાન સમયગાળાના રૂા. ૨૧૨.૬૨ કરોડથી વધીને રૂા.૨૨૪.૮૯ કરોડ થઇ છે. તા.૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે, કંપનીની ચોખ્ખી ખોટ રૂા.૧૨.૧૨ કરોડે રહી છે. કંપનીએ ચોખ્ખો નફો અગાઉના વર્ષ માટે રૂા.૨.૮૩ કરોડ નોંધાવ્યો હતો.




સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કામગીરીથી કુલ આવક ગયા વર્ષના રૂા. ૮૩૩.૪૩ કરોડથી વધીને રૂા. ૯૩૦.૭૮ કરોડ થઇ છે. વેસ્ટલાઇફ ડેવલપમેન્ટે નાણાંકીય વર્ષ ૨૦૧૭માં ૨૫ નવા રેસ્ટોરન્ટ્સ ઉમેર્યા હતાં, જે કુલ ગણતરીને પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં ૨૫૮ લઇ રહ્યા છે. કંપનીએ નવ રેસ્ટોરન્ટ્સ(મહારાષ્ટ્રમાં ચાર, છતીસગઢ, ગોવા, ગુજરાત, કર્ણાટક અને તામિલનાડુ દરેકમાં એક)નો ઉમેરો કર્યો છે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪૫૦-૫૦૦ રેસ્ટોરન્ટ્સનું લક્ષ્ય ધરાવે છે. મેકકેફે કંપનીને તેના એડ્રેસેબલ બજાર અને બેઝલાઇન વેચાણ વધારવા માટે સક્ષમ બનાવ્યું છે અને તે ૧૧૧ના કુલ કાઉન્ટ્સ લેતાં, ગયા કવાર્ટરમાં સાત સાથે નાણાંકીય વર્ષ ૨૦૧૭માં ૩૬ આઉટલેટ્સ ઉમેરા દ્વારા તેની મેકકેફે ફુટપ્રિન્ટમાં વધારો કર્યો છે.